# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧.

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com


ક્રમાંક: મા-૩/સેવા જોડાણ/૨૦૨૬/ ૫૧૧૦ તા.૦૧ /૦૪/૨૦૨૬.

પ્રતિ,
સંચાલકશ્રી/આચાર્યશ્રી,
બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ-સુરત.

**વિષય :** આચાર્ય અને જૂના શિક્ષકની સેવા જોડાણ બાબત.

**સંદર્ભ :** (૧) શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક : ED/0408/01/2026, તારીખ : 13-01-2026.

(૨) નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક) ગાંધીનગરનાં પત્ર ક્રમાંક :- COS/0304/02/2026, તારીખ : 11-02-2026.

(૩) અત્રેની કચેરીનાં જા.નં.મા-૩/સેવા જોડાણ/૨૦૨૬/૨૩૧૬, તા-૧૨/૦૨/૨૦૨૬.

(૪) અત્રેની કચેરીનાં જા.નં.મા-૩/સેવા જોડાણ/૨૦૨૬/૪૨૫૬, તા-૧૭/૦૩/૨૦૨૬.

(૫) અત્રેની કચેરીનાં જા.નં.મા-૩/સેવા જોડાણ/૨૦૨૬/૪૭૮૬, તા-૨૪/૦૩/૨૦૨૬.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભેપત્રો અન્વયે જણાવવાનું કે બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મદદનીશ શિક્ષકમાંથી આચાર્ય તરીકે સીધી ભરતીથી નિમણૂક અને શિક્ષકમાંથી જૂના શિક્ષક તરીકે નિમણૂક પામેલ હોય અને નાણા વિભાગનાં તા:-08/11/2024 અને તા:-16/04/2025ના ઠરાવની જોગવાઈ મુજબ જૂની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર હોય તેવા કર્મચારીઓનાં કેસોમાં સેવા જોડાણની કાર્યવાહી કરવા બાબતે સંદર્ભ-૩ અને સંદર્ભ-૪થી કર્મચારી વાઈઝ અલગ-અલગ બે નકલમાં દરખાસ્ત તૈયાર કરવા જણાવવામાં આવેલ હતું. સંદર્ભ-૫થી કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. પરંતુ સદર કેમ્પ હાલ પુરતો મોકૂફ રાખવામાં આવેલ હતો. સદર દરખાસ્ત ફાઈલ નીચે જણાવેલ સૂચનાઓ ધ્યાને લઇ તૈયાર કરવાની રહેશે.

...............પાછળ...............

અગત્યની સૂચનાઓ:-

1. સેવાપોથીમાં તમામ નોંધો થયેલ છે કે કેમ? જે બાબતની શાળાનાં આચાર્યશ્રીએ ખાતરી કરી લેવી.
2. અગત્યની તારીખો હાઈ-લાઈટ અવશ્ય કરવી.
3. નોકરીની ખરાઈ સેવાપોથીમાં તા.૨૮/૦૨/૨૦૨૬ની સ્થિતિએ કરવી તેમજ પ્રમાણિત કરવી.
4. કાયમી બહાલી અંગેનો આદેશ છે. પરંતુ સેવાપોથીમાં નોંધ નથી. જે અંગેની નોંધ ન હોય તો નોંધ પ્રમાણિત કરવાની રહેશે.
5. આચાર્યનાં કિસ્સામાં અજમાયશી સમયગાળો પૂર્ણ કર્યા અંગેનો મંડળનો આદેશ/ઠરાવ તેમજ તે અંગેની સેવાપોથીમાં નોંધ અવશ્ય કરવાની રહેશે.
6. આચાર્યનાં કિસ્સામાં બે વર્ષનો અજમાયશી સમય પૂર્ણ ન થયો હોય તો હાલ શાળા પાસે જ દરખાસ્ત રાખવાની રહેશે. અજમાયશી સમય પૂર્ણ થયા પછી જ ફાઈલ રજૂ કરવી.
7. હાલ ગ્રાન્ટેડ થી ગ્રાન્ટેડ શાળાઓની જ સેવા જોડાણની દરખાસ્ત રજૂ કરવાની થતી હોય માટે તે સિવાયની દરખાસ્ત શાળા પાસે જ રાખવી અન્ય સુચના મળ્યેથી આવી દરખાસ્ત રજૂ કરવાની રહેશે.
8. આચાર્યશ્રી માટેની NOC રજૂ કરવી.
9. રાજીનામું મંજુર કર્યા અંગે DEOશ્રીનો ભલામણ પત્ર અને આદેશ રજૂ કરવું.
10. પ્રથમ સેવામાંથી બીજી સેવામાં જોડાયા ત્યારે મંડળ દ્વારા રાજીનામું મંજુર કર્યાના ઠરાવની નકલ અથવા ભલામણ પત્ર પર મંડળનો શેરો.
11. ફાજલના તમામ આદેશો ક્રમશઃ છૂટા થયા તેમજ હાજર થયાની નોંધ કરવી, આદેશો પ્રમાણિત કરી રજૂ કરવા.

સુચના:-

1. નાણા વિભાગનાં તા:-૦૮/૧૧/૨૦૨૪ અને તા:-૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવની જોગવાઈ મુજબ જૂની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર હોય તેવા **આચાર્યશ્રીઓનું ચેકલીસ્ટ-૧, નોકરી વૃતાંત, બાંહેધરી, કોર્ટ કેસ પ્રમાણપત્ર, તૂટ નથી તથા પત્રક-૧** મુજબ તા-૦૧/૦૪/૨૦૨૫ પહેલા શિક્ષક તરીકે નિમણૂક પામેલ હોય અને ત્યારબાદ આચાર્યશ્રી બનેલ હોય તેઓએ આ સાથે સામેલ પત્રક મુજબ દરખાસ્ત તૈયાર કરવાની રહેશે.
2. નાણા વિભાગનાં તા:-૦૮/૧૧/૨૦૨૪ અને તા:-૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવની જોગવાઈ મુજબ જૂની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર હોય તેવા **જૂના શિક્ષક માટે ચેકલીસ્ટ-૨, નોકરી વૃતાંત, બાંહેધરી, કોર્ટ કેસ પ્રમાણપત્ર, તૂટ નથી તથા પત્રક-૨** મુજબ તા-૦૧/૦૪/૨૦૦૫ પહેલા શિક્ષક તરીકે નિમણૂક પામેલ હોય અને ત્યારબાદ જૂના શિક્ષક તરીકે બદલીમાં આવેલ હોય તેઓએ આ સાથે સામેલ પત્રક મુજબ દરખાસ્ત તૈયાર કરવાની રહેશે.
3. સદર દરખાસ્ત **બે નકલમાં** કોમ્પ્યુટરરાઈઝ તૈયાર કરવાની રહેશે.

.............પાછળ...............

4. **પત્રક-૧ અને પત્રક-૨ ફરજીયાત EXCLE SHEETમાં સોફટ કોપી (શ્રુતિ ફોન્ટ) સાથે પેનડ્રાઈવમાં** સરળતાથી મળી રહે તે મુજબ અલગ ફોલ્ડરમાં રજૂ કરવાની રહેશે.

નોંધ:- કેમ્પનું સ્થળ, તારીખ અને સમય હવે પછીથી ટુંક સમયમાં જણાવવામાં આવશે. જેની નોંધ લેશો.

બિડાણ: - ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ-સુરત